सत्यमेव जयते




# ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય


## સંદેશ

ગુજરાત સરકારના સકારાત્મક અભિગમ તથા ઉદારીકરણ નીતિઓને પરિણામે દેશ-વિદેશના સાહસિક ઉદ્યોગકારો રાજ્યમાં પદાર્પણ કરવા ઉત્સુક છે. આવનારા વર્ષોમાં કુશળ માનવબળની જરૂરિયાત અનુસાર આપણા યુવાધનને સુસજ્જ કરવા અંગે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને પરિપૂર્ણ કરવાની આયોજનબદ્ધ કામગીરી હાથ ધરાઈ છે. રાજ્યના તમામ જિલ્લા- તાલુકાઓની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને અગ્રણી ઉદ્યોગગૃહોના ઘનિષ્ઠ સહયોગથી આનુષાંગિક તાલીમ અને સ્થાનિક જરૂરિયાતને અનુરૂપ રોજગારી પૂરી પાડવામાં આવે છે.

રોજગાર અને તાલીમ નિયામકશ્રી દ્વારા સંચાલિત આઈ.ટી.આઈ.ના માધ્યમથી કૌશલ્યબદ્ધ માનવબળ તૈયાર કરવાના પ્રયાસરૂપે વર્ષ ૨૦૨૩ના પ્રવેશ માટેની માહિતી પુસ્તિકાનું પ્રકાશન યુવાવર્ગને ઉપયોગી અને ઈચ્છિત માહિતી મેળવવામાં સહાયક બને એવી શુભેચ્છા.

આપનો

(ભૂપેન્દ્ર પટેલ)

**શ્રી બલવંતસિંહ રાજપૂત**
મંત્રી, ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો,
કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન,
શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર

सत्यमेव जयते



# સંદેશ

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ SKILL INDIA MISSIONની શરૂઆત કરી, આ મિશન અંતર્ગત રાજ્ય સરકારે સ્થાનિક ઉદ્યોગની માંગ મુજબ વિવિધ રોજગારી માટે કૌશલ્યની તાલીમ આપવા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I.T.I.) દ્વારા પ્રયાસો હાથ ધરાયેલ છે. આ મિશનનો હેતુ ગુજરાતના યુવાનોમાં હુન્નર-કૌશલ્ય વિકસે તે માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તરફથી જુદા જુદા ટ્રેડમાં યુવક-યુવતીઓને કૌશલ્યબદ્ધ કરી રોજગારી/સ્વરોજગારી મેળવવા માટે સહાયભૂત થવાનો તેમજ ઈન્ડસ્ટ્રીઝની પ્રવર્તમાન માંગ મુજબ મેનપાવર પૂરો પાડવાનો ઉદ્દેશ છે. જે ઉદ્યોગની માંગ અને કૌશલ્યની જરૂરિયાતો વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરશે અને તેથી દેશનો વ્યાપક વિકાસ થશે.

ગુજરાતના યુવાનોને વિવિધ ક્ષેત્રો અને કામગીરી માટે તાલીમ પ્રદાન કરી રોજગારી મળી રહે તે માન. મુખ્યમંત્રીશ્રીના સક્ષમ નેતૃત્વ હેઠળ સમગ્ર તંત્ર કટિબદ્ધ છે. ગુજરાતમાં ઉદ્યોગોનો થઈ રહેલો વિકાસ શિક્ષણ ક્ષેત્રે વિકસી રહેલા નવા નવા કોર્ષ, તૈયાર થઈ રહેલી તાલીમ સંસ્થાઓ વિગેરેને કારણે બેરોજગારી ઘટતી ગઈ છે અને રોજગારીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. રાજ્યમાં વ્યવસાયિક તાલીમની વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રયાસોના કારણે ગુજરાત રાજ્ય વિકાસના નવા શિખરો સર કરશે તેવો મને વિશ્વાસ છે.

રાજ્યના રોજગાર અને તાલીમ ખાતા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપતી 'પ્રવેશ માહિતી પુસ્તિકા-૨૦૨૩' પ્રસિદ્ધ થઈ રહી છે. ઔદ્યોગિક તાલીમ સંસ્થા / કેન્દ્રોમાં પ્રવેશ મેળવવા માંગતા યુવક-યુવતીઓને આ પ્રસિદ્ધ થનાર પ્રવેશ માહિતી પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે એવી અપેક્ષા સહ હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

(બલવંતસિંહ રાજપૂત)

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
મંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ, કૌશલ્ય
વિકાસ અને રોજગાર (રા.ક.), ગ્રામીણ વિકાસ

સત્યમેव जयते



# સંદેશ

આજના યુગમાં યુવાનોનું દેશના વિકાસમાં યોગદાન હંમેશા ઉત્સાહસભર રહ્યું છે. એકવીસમી સદી એ સ્કીલની સદી રહેવાની છે. માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના યુવાધનને ઉદ્યોગોને અનુરૂપ વ્યવસાયલક્ષી તાલીમ આપવાનો અભિગમ રાજ્ય સરકાર દ્વારા અપનાવવામાં આવેલ છે.

માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા “સ્કીલ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયા”ની પહેલ શરૂ કરવામાં આવી છે ત્યારે ભવિષ્યમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના માધ્યમથી રાજ્યના યુવાધનને “Build an advanced Nation with Skill” દ્વારા ઉદ્યોગોની જરૂરિયાત મુજબની વ્યવસાયલક્ષી તાલીમ થકી શ્રમશક્તિને યોગ્ય દિશા આપવામાં આવશે. સરકારના આ પ્રકારના સર્વાંગી પ્રયત્નોને કારણે જ રોજગાર વિનિમય કેન્દ્રો મારફતે રોજગારી પૂરી પાડવામાં સફળ રહ્યું છે, જેના કારણે રોજગારી આપવામાં ગુજરાતનું સ્થાન હંમેશા ઉચ્ચ દરજ્જાનું રહ્યું છે.

અમૃત બજેટમાં “ન્યુ ઈન્ડીયા”ના નિર્માણ માટે યુવાશક્તિના વિકાસને પ્રાથમિકતા આપવાના લક્ષ સાથે ગુજરાત સરકારના ૧૦૦ દિવસના કાર્યકાળમાં ૨૧,૨૫૯ યુવાનોને એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાનો લાભ આપવામાં આવેલ અને રાજ્યના કૌશલ્યવાન યુવાઓને રોજગાર મળી રહે તે માટે રાજ્યમાં ૪૬૨ ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવેલ છે.

તાલીમાર્થી યુવાવર્ગ અને વાલીઓને તેમના સંતાનો માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા અને કાર્યરત તાલીમ કાર્યક્રમો સહિતનું સંકલિત માર્ગદર્શન પુરું પાડતી આ પુસ્તિકા કારકિર્દી માટે પથદર્શક બની રહેશે અને નવા આયામો સર કરવા સામર્થ્ય પુરું પાડશે એવી આશા રાખું છું.

(કુંવરજીભાઈ હળપતિ)